# મોદીની કાશ્મીર યાત્રાના પગલે જડબેસલાક

શ્રીનગર, તા.૩
વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે જમ્મુ કાશ્મીરની મુલાકાત લેનાર છે. મોદીની યાત્રાને લઈને અભુતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા તમામ વિસ્તારમાં ગોઠવી દેવામાં આવી છે. શ્રીનગર અને ખીણના અન્ય વિસ્તારોને સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા છે. શાર્પ શુટરો ગોઠવાઈ ચુક્યા છે. પેટ્રોલીંગની પ્રવૃત્તિ તીવ્ર બનાવી દેવામાં આવી છે. આ ઉપરાંત તમામ સંવેદનશીલ વિસ્તારોમાં નજર રાખવામાં આવી રહી છે. નરેન્દ્ર મોદીના કેટલાક કાર્યક્રમો છે. લાલચોક, રેસીડન્સ રોડ, જહાંગીર ચોક, કરણનગર અને અન્ય બિઝનેસ કેન્દ્રોમાં ટ્રાફિક વ્યવસ્થા ઉપર નજર રાખવામાં આવી રહી છે. પોલીસે તમામ જગ્યાએ બેરીકેડ ગોઠવી કાઢ્યા છે. વાહનોને રોકીને ચકાસણી કરવામાં આવી રહી છે. કોઈપણ હુમલા કરવા માટે



ત્રાસવાદીઓને સફળતા ન મળે તે માટે પ્રયાસ થઈ રહ્યા છે. સુરક્ષા જવાનો વાહનોની ચકાસણી કરીને ચીજવસ્તુઓ ચકાસી રહ્યા છે. શહેરમાં મહત્વના સ્થળો ઉપર શાર્પ શુટરો ગોઠવાઈ ચુક્યા છે. ૨૪ કલાક પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. મોદી શ્રીનગરના



આર્મીના ૧૫મી કોર્પના બદામી હેડકાવટર્સ ખાતે ઉચ્ચ સ્તરિય સુરક્ષા બેઠકની સમીક્ષા કરનાર છે. આ બેઠકમાં જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા, જીઓસી ઈન નોર્ધન કમાન્ડના વડા, પોલીસ મહાનિર્દેશક કે રાજેન્દ્રકુમાર, ૧૪,૧૫ અને ૧૬ કોર્પના જીઓસી, કેન્દ્ર અને રાજ્ય ઈન્ટેલીજન્સ સંસ્થાઓના વરિષ્ઠ અધિકારીઓ આમાં હાજરી આપશે. વડાપ્રધાન બારામુલ્લા જીલ્લામાં ઉરી સરહદી શહેરમાં ૨૪૦ મેગાવોટના હાઈડ્રો પાવરનું ઉદ્‌ઘાટન કરશે. આ ઉપરાંત શ્રીનગરથી ઉરી સુધીના ૮૭ કિલોમીટર લાંબા માર્ગ ઉપર ૨૦૦૦ સુરક્ષા જવાનો તૈનાત કરી દેવામાં આવ્યા છે. આ માર્ગનો ઉપયોગ વડાપ્રધાન દ્વારા ઉરી પહોંચવા માટે કરવામાં આવનાર છે. દરમિયાન મોદીની યાત્રા સામે વિરોધમાં અલગતાવાદીઓ દ્વારા ખીણમાં બંધની હાકલ કરવામાં આવી છે. આને લઈને સુરક્ષા વધારવામાં આવી છે.

**૨૪ કલાકથી પણ ઓછા સમયમાં બીજો પ્રયાસ**

## વડાપ્રધાન મોદીની યાત્રા પૂર્વે ઘુસણખોરીનો પ્રયાસ કરાયો

જમ્મુ,તા. ૩
વડાપ્રધાન નરેન્દ્ર મોદી જમ્મુ કાશ્મીરની મુલાકાતે પહોંચે તે પહેલા જ સેનાના જવાનોએ આજે સવારે પુંચ જિલ્લામાં અંકુશ રેખા પર ઘુસણખોરીનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો હતો. ત્રાસવાદીઓની ટુકડીએ ઘુસણખોરીનો પ્રયાસ કર્યો હતો. ભારતીય જવાનોએ શ્રેષ્ઠ કામગીરી કરી હતી. ૨૪ કલાકથી પણ ઓછા સમયમાં ત્રાસવાદીઓએ ઘુસણખોનો વધુ એક પ્રયાસ કર્યો હતો. કર્નલ મુનિષ મહેતાએ માહિતી આપાતા કહ્યુ હતું કે આજે સવારે પુંચ જિલ્લાના કૃષ્ણાઘાટી સેક્ટરમાં પાકિસ્તાની કબજા હેઠળના કાશ્મીરમાંથી ત્રાસવાદીઓએ ઘુસણખોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે ફરજ પર રહેલા જવાનોએ તેમની યોજનાને નિષ્ફળ બનાવી હતી. સૈનિકોએ ઘુસણખોરોની હિલચાલને નિહાળી હતી અને ત્યારબાદ તેમને શરણાગતિ સ્વીકારી લેવા કહ્યું હતુ. જો કે ત્રાસવાદીઓએ ગોળીબાર કર્યો હતો. જવાબી કાર્યવાહી કરવામાં આવતા કેટલાક સમય સુધી ગોળીબાર સામ સામે થયો હતો. જો કે ત્રાસવાદીઓ પરિસ્થિતીનો લાભ થઈને ફરાર થઈ ગયા હતા. કેજી સેક્ટરમાં ૨૪ કલાકથી પણ ઓછા સમય ગાળામાં આ બીજો બનાવ છે. એલઓસી પર ત્રાસવાદીઓ હાલના સમયમાં ફરી એકવાર સક્રિય થયા છે. છેલ્લા એક સપ્તાહના ગાળામાં ત્રાસવાદીઓ દ્વારા ઘુસણખોરીના પ્રયાસની સાથે સાથે યુદ્ધ વિરામનો ભંગ પણ કરવામાં આવ્યો છે. મોદીની સુરક્ષાને લઈને સુરક્ષા જવાન પહેલાથી જ સાવધાન છે.

## રેલવે બજેટમાં યાત્રી સુવિધા વધારવાને ઉચ્ચ પ્રાથમિકતા

નવીદિલ્હી ,તા. ૩
નરેન્દ્ર મોદી સરકાર આઠમી જુલાઈના દિવસે રેલવે બજેટ રજૂ કરનાર છે. રેલવે બજેટમાં યાત્રીઓની સુવિધાને સર્વોચ્ચ પ્રાથમિક્તા આપવામાં આવે તેવી શક્યતા છે. યાત્રીઓને વધુને વધુ સુવિધા મળે તેને પ્રાથમિક્તા અપાશે. રેલવે બજેટ ૨૦૧૪-૧૫માં ટ્રેનોમાં કેટલાક નવા સુધારા કરવાની પણ જાહેરાત કરાશે. ક્લિન ટોયલેટ જેવી સુવિધાઓને પ્રાથમિક્તા અપાશે. રેલવે દ્વારા કોચના ઇન્ટેરિયર ફર્નિસિંગને અપગ્રેડ કરવાની પણ યોજના છે. પાયલોટ પ્રોજેક્ટ તરીકે નવા ઇન્ટેરિયર ફર્નિસિંગ સાથે તૈયારી હાથ ધરવામાં આવશે. રેલવે દ્વારા નવી ડિઝાઈનના કોચ પણ બનાવવામાં આવશે. નવી ડિઝાઈનના કોચ અનુભૂતિ નામથી બનાવવામાં આવશે. અનુભૂતિ નામના પ્રથમ કોચ ચંદીગઢ શતાબ્દીમાં જોડવામાં આવશે. વધુ ટ્રેનો માટેની વધતી માંગને ધ્યાનમાં લઇને કેટલીક નવી ટ્રેનો પણ જાહેર કરાશે. વર્તમાન નાણાંકીય વર્ષમાં ૭૦૦ એલએચબી કોચ સહિત ૪૦૦૦ કોચ બનાવવાનું ટાર્ગેટ નક્કી કરવામાં આવ્યું છે. રેલવેપ્રધાન તરીકે સદાનંદ ગૌડા યાત્રીઓની સુરક્ષા, સલામતિ અને તેમની તકલીફને દૂર કરવાને પ્રાથમિક્તા આપશે. રેલવે બજેટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ચૂંટણી પ્રચાર દરમિયાન આપવામાં આવેલા વચનોને પણ પ્રાથમિક્તા આપવામાં આવશે.

# ભારતની સૌથી ઝડપી ટ્રેનના ટ્રાયલ રનને મળેલી સફળતા

## દિલ્હીથી આગ્રા માત્ર ૯૦ મિનિટમાં પહોંચી શકાશે

નવીદિલ્હી, તા.૩
ભારતીય રેલવેએ આજે વધુ એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી લીધી હતી. ભારતીય રેલવે દ્વારા દેશની સૌથી ઝડપી ટ્રેનના ટ્રાયલને સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યા બાદ નવી આશા જાગી છે. દેશની આ સૌથી ઝડપી ટ્રેન દિલ્હી અને આગરા વચ્ચે દોડશે અને આ અંતરને માત્ર ૯૦ મિનિટની અંદર પૂર્ણ કરશે. ટ્રેનની ઝડપ પ્રતિકલાક ૧૬૦ કિલોમીટરની રહેશે. સેમી હાઈસ્પીડ ટ્રેન તરીકે આને જોવામાં આવશે. આ ટ્રેનની ગતિ ખુબ જ ઉલ્લેખનીય રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકસભાની ચૂંટણીના પ્રચાર દરમિયાન રેલવે માટે કેટલીક મહત્વપૂર્ણ જાહેરાતો કરી હતી. મોદીએ કહ્યું હતું કે, તેમની સરકાર આવશે તો હાઈસ્પીડ અને બુલેટ ટ્રેનને પ્રાથમિકતા આપવામાં આવશે. પાટનગર દિલ્હી અને આગરા વચ્ચે ટેસ્ટ દરમિયાન પ્રતિકલાક ૧૬૦ કિલોમીટરની નવી રાષ્ટ્રીય ઝડપનો રેકોર્ડ ભારતીય પેસેન્જર ટ્રેને સર્જ્યો હતો. આજના ટેસ્ટની સાથે જ ભારત સરકાર જુના રેલવે નેટવર્કને અપગ્રેડ કરવાની દિશામાં પણ આગળ વધવા સંકેત આપી ચુકી છે. આ ટ્રેન ૯૦ મિનિટરની આસપાસમાં દિલ્હી અને આગરા વચ્ચેના ૨૦૦ કિલોમીટરના અંતરને પૂર્ણ કરશે. અગાઉના રેકોર્ડ કરતા આ ટ્રેનની ગતિ ૧૦ કિલોમીટર વધારેની છે. તમામ ટેકનિકલ



પાસાઓની ટ્રાયલ રન દરમિયાન ચકાસણી કરવામાં આવી હતી. હવે આ વર્ષે નવેમ્બર સુધીમાં લોકો માટે આ ટ્રેન સેવા શરૂ થઈ જશે. જાણકાર લોકોનું કહેવું છે કે, આ ટ્રેન ખુબ જ ઉપયોગી સાબિત થશે. હાઈસ્પીડ ટ્રેન જે નવીદિલ્હી અને આગરા વચ્ચે ટ્રાયલ રનના ભાગરુપે દોડી હતી તેને નવી દિલ્હી રેલવે સ્ટેશનથી લીલીઝંડી આપવામાં આવી હતી. મોદી સરકાર પ્રથમ રેલવે બજેટ આઠમીના દિવસે રજૂ કરનાર છે ત્યારે કેટલાક નવા પગલાની જાહેરાત થાય તેવી શક્યતા છે.

ટેસ્ટ રનની ખાતરી કરવા માટે રેલવે દ્વારા આરપીએફના જવાનો ગોઠવવામાં આવ્યા હતા. દિલ્હી-આગરા રૂટ ઉપર ખુબ જ સાવચેતી રાખવામાં આવી હતી. સેમી હાઈસ્પીડ ટ્રેન માટે ટ્રેક તૈયાર કરવા ૧૫ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. દિલ્હીથી આગરા સર્વિસ બાદ રેલવે આવી જ ટ્રેન રાષ્ટ્રીય પાટનગર કાનપુર અને ચંદીગઢ વચ્ચે પણ દોડાવશે. ઝડપી ટ્રેનને આજે સવારે નવીદિલ્હીના રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર છથી લીલીઝંડી આપવામાં આવી હતી.

આ ટ્રેન એક વાગે આગરા પહોંચી હતી. જો કે ટ્રેને ૯૦ મિનિટના ટાર્ગેટ સામે આ અંતરને પૂર્ણ કરવા ૧૦૦ મિનિટ લીધા હતા. સેમી હાઈસ્પીડ ટ્રેન ૧૨૦ મિનિટના અંતરને ઘટાડીને ૯૦ મિનિટ કરશે. હાલમાં ભારતને સૌથી ઝડપી ભોપાલ શતાબ્દી એક્સપ્રેસ દિલ્હી અને આગરા પટ્ટા વચ્ચે ૧૫૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે દોડે છે.

## દિપીકા વિશ્વમાં સૌથી સેક્સી મહિલા ઘોષિત

મુંબઈ ,તા.૩
બોલીવુડ અભિનેત્રી દિપીકા એફએમએચ મેગેઝિન દ્વારા કરવામાં આવેલા પોલમાં વિશ્વમાં સૌથી સેક્સી મહિલા



તરીકે જાહેર કરવામાં આવી છે. દિપીકાએ આ અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, તેને સૌથી સેક્સી મહિલા જાહેર કરવામાં આવી છે પરંતુ આ પોલ સાથે તેના કોઇ લેવા દેવા નથી. દિપીકા છેલ્લે તમિળ ફિલ્મ કોચાડાયામમાં નજરે પડી હતી. દિપીકા હવે ફાઈડિંગ ફેની નામની ફિલ્મમાં નજરે પડનાર છે. આ ફિલ્મનું નિર્દેશન હોમી અડજાનીયા દ્વારા કરવામાં આવનાર છે.

**ચેતનાનો સમય** (પાના નં. ૪ નું ચાલુ)

એક સરકારી કચેરીનો અધિકારી ભ્રષ્ટાચારી હતો કોઇ વ્યક્તિ તેના કામ પાર પાડવા માટે એ અધિરાકી પાસે જાય તો લાંચની માંગણી કરે પણ લાંચની રકમ પોતે સ્વીકારે નહિં પણ બહાર ટેબલ ઉપર બેઠેલ કલાર્કને બંધ પેકેટમાં આપી દેને અને કહેજો કે સાહેબને ભેટ આપી છે અને લાંચ રૂશ્વતખાતાના અધિકારીઓએ એ બિચારા નિર્દોષ કારકુનને ભેલી ભેટ લેતાં પકડ્યો. પણ તેને તો ખબર ના હતી કે પડીકામાં શું છે? એ કારકુન નોકરી વગરનો થયો છતાં હિંમત હાર્યા વગર દૂધ વેચવાનો છાસ વેચવાનો અને બીજી નાની મોટી વસ્તુ વેચવાનો નાનકડો ધંધો કરી આજે મોટો ધંધાદારી બની ગયો છે. સરકારે તેને નિર્દોષ જાહેર કર્યો છતાં હવે તે નોકરી કરવા માંગતો નથી. ગુજરાત રાજયનું નવું પાટનગર ગાંધીનગર થતાં કેટલાક યુવાનો તેના પિતાની બદલી થતાં ગાંધીનગર આવેલા ત્યારે એ યુવાને નાનકડા ખાણીપીણીના ધંધામાંથી મોટો ધંધાદારી સાહસિક તરીકે આગળ આવેલો છે. જેઓ આવેલી તકને સમયસર ઓળખીને ઝડપી પાડે છે અને તમારા ભાગ્યના દરવાજે આવીને દરવાજો ખખડાવે ત્યારે નસીબ અને તકલીફોથી ગભરાઇ જવાને બદલે તેના માર્ગને વળગી રહે છે તે વ્યક્તિ આ જમાનામાં સફળ થાય છે.

જમાનાને ઓળખો
જમાનાની જરૂરિયાતને ઓળખો
જમાનાને શું જોઇએ છે તે જાણો
જમાનાને અનુરૂપ તમારી જાતને પલોટો
જમાનો તમારો છે એ જમાનાને તમારો
તમારી રીતે ખીલવવાનો છે.

અંતમાં પાટનગરને કલ્ચરલ સિટી બનાવનાર એવા મારા ભૂતપૂર્વ વિદ્યાર્થીની માત્ર બૌદ્ધિક તાકાતે અને તેમની સર્જનાત્મકતા, વિચારશીલતા, નિર્ણયાત્મકતા; શ્રદ્ધા, આત્મવિશ્વાસ અને સંકલનશક્તિ, આયોજનશક્તિ તેમજ તેમની વ્યુહાત્મક મેનેજમેન્ટની ક્ષમતાએ પાટનગરને સતત ગાજતું, કિલ્લોલ કરતું યુવાધનને પ્રેરણા આપતું કર્યુ છે. તે માટે પાટનગરની જનતાવતી લાખ લાખ અભિનંદન પાઠવું છું. જમાનાને ઓળખનાર એવી એવી તેમની બૌદ્ધિકક્ષમતાને જાણવા - માણવા જેવી છે.

# શંકરાચાર્ય અને સાંઈના સમર્થકો હજુ સામ-સામે

લખનૌ,તા.૩
દ્વારકાપીઠના શંકરાચાર્ય સ્વરુપાનંદ સરસ્વતી અને સાંઇના ભક્તો વચ્ચે ખેંચતાણનો દોર યથાવતરીતે જારી રહ્યો છે. સામ સામે આક્ષેપો પણ જારી રહ્યા છે. લખનૌમાં સાંઇ મંદિર સત્તાવાળાઓએ આજે સ્વરુપાનંદ સરસ્વતી સામે એફઆઈઆરની માંગ કરીને અલ્હાબાદ હાઈકોર્ટમાં અરજી દાખલ કરી દીધી હતી. છેલ્લા કેટલાક દિવસથી સાંઇના શ્રદ્ધાળુઓ અને સ્વરુપાનંદ સરસ્વતી વચ્ચે ખેંચતાણ ચાલી રહી છે. શિરડીના સાંઇબાબા સામે વાંધાજનક સૂચનો કરીને સ્વરુપાનંદ સરસ્વતીએ ભારે વિવાદ જગાવ્યો હતો. આને લઈને સાંઇ શ્રદ્ધાળુઓમાં રોષનું મોજુ ફરી વળ્યું હતું. અરજીદારે આક્ષેપ કર્યો છે કે, સ્વરુપાનંદ સરસ્વ તી દ્વારા કરવામાં આવેલા વિવાદાસ્પદ સૂચનોના કારણે સાંઇબાબાના લાખો શ્રદ્ધાળુઓની ભાવનાને ફટકો પડ્યો છે જેથી શંકરાચાર્ય સામે કઠોર પગલા લેવામાં આવે તે જરૂરી છે. કોર્ટમાં હવે આ મામલો આગળ વધશે. શંકરાચાર્યએ હાલમાં જ કહ્યું હતું કે, સાંઇબાબાની પૂજા કરવાની બાબત હિન્દુઓને વિભાજિત કરવાનું કાવતરું છે. સાંઇબાબાની પૂજા થવી જોઇએ નહીં કારણ કે તેઓ માનવી તરીકે હતા. ભગવાન ન હતા. તેમના મંદિરો બનવા જોઇએ નહીં. તેમના નિવેદનના લીધે સંતના સમર્થકોમાં નારાજગીનું મોજુ ફરી વળ્યું હતું. બીજીબાજુ નાગા સાધુઓએ સ્વરુપાનંદ સરસ્વતીને ટેકો આપ્યો છે અને કહ્યું છે કે, જો દ્વારકાપીઠના સ્વરુપાનંદનું અપમાન કરવામાં આવશે તો શેરીઓમાં દેખાવ કરવામાં આવશે. શંકરાચાર્યએ સાંઈબાબાના સંદર્ભમાં તેમના સૂચનો પરત ખેંચવાનો પણ ઈન્કાર કર્યો છે. હિન્દુ-મુસ્લિમ એકતાને લઈને વાત કરી છે. શંકરાચાર્યએ પોતાનો અભિપ્રાય આપતા કહ્યું હતું કે સનાતન ધર્મમાં ભગવાન વિષ્ણુના ૨૪ અવતારની વાત કરવામાં આવી છે. કળિયુગમાં કલ્કી અને બુદ્ધ સિવાય અન્ય કોઈ અવતારનો ઉલ્લેખ નથી જેથી સાંઇબાબાને અવતાર તરીકે ગણી શકાય નહીં.

## ૫૩ મેગા સીટીમાં ચેન્નઈ આત્મહત્યા મામલે પ્રથમ

નવી દિલ્હી, તા.૩
શહેરોની વાત કરવામાં આવે તો ૫૩ મેઘા શહેરોમાં ચેન્નઈ યાદીમાં ટોપ પર છે. ચેન્નઈમાં ૨૦૧૩માં ૨૪૫૦ આત્મહત્યાના બનાવ બન્યા છે. ત્યારબાદ બેંગલોર, દિલ્હી, મુંબઈનો સમાવેશ થાય છે. ચાર મેટ્રો શહેરોમાં કુલ ૫૩ શેહેરોમાં નોંધાયેલા કુલ આત્મહત્યાના ૩૫ ટકાથી વધુ કેસ નોંધાયા છે. આત્મહત્યા કરવા માટે ઘણા પરિબળો જવાબદાર દેખાય છે. જેમાં પારિવારિક સમસ્યા અને માંદગી મુખ્ય કારણ છે. જ્યારે આત્મહત્યા કરવા માટે બેરોજગારી, દેવુ અને ડ્રગ્સનો ઉપયોગ પણ પરિબળો રહ્યા છે. ૨૦૧૨માં આત્મહત્યા કરનાર લોકો પૈકી પરણિત પુરુષોની સંખ્યા ૬૪૦૯૮ રહી હતી જ્યારે પરણિત મહિલાઓની સંખ્યા ૨૯૪૯૧ રહી હતી.

## સમાચાર ઝલક


- બજેટની આશામાં શેરબજાર સર્વોચ્ચ સપાટી તોડી આગેકૂચ.
- કાનૂનપંચ ફાંસીની સજા દૂર કરવા મંથન કરી રહ્યું છે.
- દેશમાં હત્યાનું સૌથી મોટું કારણ પ્રેમ-પ્રકરણ હોય છે.
- અમેરિકન નૌસેનામાં પહેલી વખત મહિલા બની ફોર સ્ટાર એડમિરલ.
- ઇરાકમાં જૂન મહિલમાં જ ૨૫૦૦ લોકોનાં મોત : સંયુક્ત રાષ્ટ્રસંઘનું મંતવ્ય.
- અમદાવાદમાં ફાર્મસીના વિદ્યાર્થીઓ દ્વારા જાગૃતતા લાવવા માટે મેડિકલ સ્ટોરમાં તપાસ કરતાં દુકાનો બંધ થવા લાગી.
- મુંબઇ-કોલકાત્તામાં ભારે વરસાદથી વાહનવ્યવહારને અસર.
- દુબઇ રેડિયો પર યોજાયેલ 'જેકપોટ જીતો' કાર્યક્રમ ભારતીય મહિલાએ જીત્યો.
- મોદીને શાસન કરવાનો સંપૂર્ણ અધિકાર છે : નોબેલ પારિતોષિક વિજેતા અમર્ત્ય સેન.
- ચાર્ટડ એકાઉન્ટન્ટ પોતાના ઇ-મેઇલ પરથી ફક્ત ચાર જ રિટર્ન ફાઇલ કરી શકશે.
- કર્મચારીઓ માટે આનંદો, ૧લી જુલાઇથી મોંઘવારી ભથ્થામાં ૭ ટકાનો વધારો થશે.
- મહારાષ્ટ્રમાં જાહેર સ્થળો પર પાન-તમાકુ ચાવવા પર પ્રતિબંધ મુકાશે.
- જૂનાગઢ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગીમાં કરવા ભારે કવાયત, ૧૬૨ ફોર્મ ભરાયા.
- હૃદયની બિમારીથી બચવા દરરોજ બદામ લેવી ગુણકારી.
- ન્યુઝીલેન્ડના પૂર્વ ક્રિકેટર લૂ વિન્સોટે ફિક્સીંગનો આરોપ સ્વીકાર કર્યો.
- વલ્લભીપૂરના મોટી ધરાઇ ગામે 'વાવ'ની દિવાલ પડતાં ત્રણ ગ્રામજનો દટાયા.
- બિહારમાં જન શતાબ્દી ટ્રેનમાં ૫૦ લાખની સનસનીખેજ લૂંટ.
- અમદાવાદની હોસ્પિટલમાં રૂપિયા ૨૫ લાખની વેટની ચોરી ઝડપાઇ.
- એસ.ટી.નું ભાડુ ૧૫-૨૦ દિવસ બાદ ઘટશે.
- નફાખોરોનો અખાડો બનતાં શાકમાર્કેટો, તંત્રની ચૂપકીદી.
- સહારા જૂથે ૩૧૦૦ કરોડથી વધુ રકમ જમા કરાવી.

## મારિયા શારાપોવા સચિન તેન્ડુલકરને ઓળખતી નથી

મોસ્કો,તા. ૩
ટેનિસ સ્ટાર મારિયા શારાપોવાએ હવે તેના એક નિવદેનના કારણે ભારે ચર્ચા જગાવી છે. શારાપોવાએ તાજેતરમાં એક નિવેદનમાં કહ્યું હતું કે તે સચિન તેન્ડુલકર કોણ છે તેઅંગે માહિતી ધરાવતી નથી. રશિયન ગ્લેમર ગર્લના નિવેદનથી તમામ ચાહકોને આશ્ચર્ય થયુંછે. ક્રિકેટ ઈતિહાસમાં સૌથી વધારે રનના અનેક રેકોર્ડ સર્જનાર માસ્ટર બ્લાસ્ટર સચિન તેન્ડુલકર અંગે શારાપોવા વાકેફ નથી. શારાપોવા પોતે ટેનિસની દુનિયાની માહાન ખેલાડી છે. તેના પોતાના કરોડો ચાહકો વિશ્વમાં છે પરંતુ કરોડો ચાહકો ધરાવનાર સચિન અંગે તેની પાસે કોઈ માહિતી નથી. રસપ્રદ બાબત એ છે કે સચિન પોતે પણ ટેનિસનો મોટો ચાહક છે. વિમ્બલ્ડનમાં મેચો જોવા માટે તે કેટલીક વખત જઈ ચુક્યો છે. ટોચના ટેનિસ સ્ટારને મળી પણ ચુક્યો છે. સચિનને તમામ ક્ષેત્રાના સ્ટાર જાણે છે. પરંતુ શારાપોવા પાસે તેના અંગે માહિતી નથી. જે ચર્ચા જગાવે છે. જાણકાર લોકોએ કહ્યું છે કે શારાપોવાએ એક મહાન ખેલાડી અંગે માહિતી રાખવી જોઈએ.

# સુનંદા મોતમાં સીબીઆઈ તપાસની સક્રિય વિચારણા

નવીદિલ્હી,તા.૩
ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન શશિ થરુરના પત્નિ સુનંદા પુષ્કરને મોતના મામલામાં એક પછી એક નવી વિગતો સપાટી ઉપર આવી રહી છે ત્યારે હવે કેન્દ્ર સરકાર પણ સુનંદાના મોતના મામલામાં સીબીઆઈ તપાસનો આદેશ કરવા વિચારણા કરી રહી છે. શશિ થરુરના પત્નિ સુનંદાના મોતને લઈને કેટલીક બાબતો અંગેના જવાબ હજુ પણ મળી રહ્યા નથી. જેથી કેન્દ્ર સરકાર સીબીઆઈ મારફતે તપાસ કરવા વિચારણા કરી રહી છે. સુનંદાના કેટલાક પરિવારના સભ્યો પણ સીબીઆઈ તપાસની માંગ કરી ચુક્યા છે. દિલ્હી પોલીસ પાંચ મહિનાના લાંબા ગાળા બાદ પણ તપાસમાં કોઈ પ્રગતિ કરી શકી નથી. દિલ્હી પોલીસ કમિશનર બીએસ બસ્સી કેન્દ્રીય ગૃહપ્રધાન રાજનાથસિંહને મળી ચુક્યા છે. ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સમાં વરિષ્ઠ તબીબ દ્વારા કરવામાં આવેલા આક્ષેપો વચ્ચે આ કેસમાં થયેલી પ્રગતિ અંગે દિલ્હી પોલીસ કમિશનર રાજનાથસિંહને માહિતી આપી ચુક્યા છે. સુનંદા પુષ્કરના મોત અંગે ઓટોસ્પી રિપોર્ટને બદલી



નાંખવા તેમના ઉપર દબાણ હતું તેવી વાત એમ્સના તબીબ દ્વારા કરવામાં આવી ચુકી છે. સૂત્રોનું કહેવું છે કે, રાજનાથસિંહે સમગ્ર મામલામાં તપાસને ઝડપી કરવા બસ્સીને કહ્યું છે. એક પખવાડિયાની અંદર કોઈ મોટી સફળતા નહીં મળે તો તપાસ સીબીઆઈને સોંપવામાં આવી શકે છે. સુનંદા પુષ્કરના સંબંધી અશોક કુમાર દ્વારા સીબીઆઈ તપાસની માંગ કરવામાં આવી ચુકી છે. ભાજપે પણ માર્ચ મહિનામાં સમગ્ર મામલામાં સીબીઆઈ તપાસની માંગ કરી હતી. ભાજપના નેતા સુબ્રમણયમ સ્વામી કોર્ટની દેખરેખ હેઠળ તપાસની માંગ સાથે કોર્ટમાં જવા વિચારી રહ્યા છે. શશિ થરુર પોતે પણ કહી ચુક્યા છે કે સમગ્ર મામલામાં ઝડપી અને પારદર્શી તપાસ થવી જોઈએ. આવી સ્થિતિમાં હવે સીબીઆઈ તપાસની જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. સુનંદા ૧૭મી જાન્યુઆરીની રાત્રે દિલ્હીમાં ફાઈવ સ્ટાર હોટલમાં મૃતહાલતમાં મળી આવી હતી. થરુર સાથે સંબંધને લઈને પાકિસ્તાની પત્રકાર સાથે તેની બોલાચાલી થઈ હતી.